# Gujarat Public Service Commission

## PROVISIONAL RESULT (Addendum)

### List of Eligible Candidates for Application Scrutiny

### Advertisement No.145/2019-20

વંચાણે લીધી: 1) તા.11.06.2021ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી(પ્રથમ)

2) તા.15.11.2021ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની (બીજી) યાદી

3) એસસીએ- 24873-2022 માં નામ. હાઇકોર્ટનો તા.19.7.2024 નો ચુકાદો

1. ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડ **(GMDC)** હસ્તકની **માઇન સીરદાર(સહાયક),વર્ગ-૩ ની** જગ્યાએ ભરતી કરવા માટે **જાહેરાત ક્રમાંક: 145/2019-20ના** સંદર્ભમાં આયોગ દ્વારા **તા.20.02.2021ના** રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે આયોગે ઉપર વંચાણે લીધેલ અરજી ચકાસણીની યાદીઓથી (સંદર્ભ-1 ની પ્રથમ યાદીથી 101000025,101000064,101000094,101000145, 101000157, 101000254 તથા 101000300 તેમજ સંદર્ભ-2ની બીજી યાદીથી 101000053, 101000071, 101000078, 101000315) કુલ=11 સા.શૈ.પ. વર્ગ ના ઉમેદવારોને અરજી ચકાસણીને પાત્ર જાહેર કરવામાં આવેલ હતા. પ્રસ્તુત જાહેરાતના આખરી પરિણામ સંદર્ભે નામદાર હાઇકોર્ટમાં દાખલ થયેલ એસસીએ- 24873-2022 માં તા.19.07.2024 ના ચુકાદામાં આપેલ નિર્દેશ મુજબ તા.11.06.2021ની સ્થિતિએ માત્ર સા.શૈ.પ.વર્ગ (કોમન/ પુરુષ) ની ઉપલબ્ધ જગ્યાની સંખ્યા ધ્યાને લઇ, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવાની થાય છે. જે અનુસાર વિચારણા કરતાં નીચે કોષ્ટકમાં દર્શાવેલ વિગતે તા.11.06.2021ની સ્થિતિએ નવી યાદી મુજબ આ વર્ગના ઉમેદવારોને અરજી ચકાસણી માટે પાત્ર કરવાના થાય છે.

| કેટેગરી (વર્ગ) | જગ્યાની સંખ્યા | માપદંડ મુજબ જરૂરી અરજી ચકાસણી પાત્ર ઉમેદવારો ની સંખ્યા | ખરેખર પાત્ર થતા ઉમેદવારો ની સંખ્યા |
|---|---|---|---|
| સા.શૈ.પ. વર્ગ (કોમન) | 01+03# | 06*(12) | 12 |
| સા.શૈ.પ. વર્ગ (મહિલા) | 04 | 12 | 01 * |
| કુલ | 5 | .. | 13 |

*સા.શૈ.પ. વર્ગ (મહિલા) વર્ગની 4 જગ્યા સામે માત્ર 01 મહિલા ઉમેદવાર પ્રાપ્ત થતાં, સામાન્ય વહીવટ વિભાગના તા.22.05.1997ના પરિપત્રની જોગવાઇ ધ્યાને લઇ, બાકીની મહિલાઓની 03# ખાલી જગ્યા પુરૂષ ઉમેદવારોને ફાળવવામાં આવેલ છે.

2. ઉપર મુજબ સા.શૈ.પ. વર્ગના કુલ=13 ઉમેદવારો પૈકી જે ઉમેદવારોની વિચારણા અગાઉ કરવામાં આવેલ છે, તે ઉમેદવારોને નામ. હાઇકોર્ટના નિર્દેશ મુજબ પુનઃ બોલાવવાના રહેતા નથી/ બીજી તક આપવાની રહેતી નથી. આથી, જે ઉમેદવારોની તા.11.06.2021 અને તા.15.11.2021 ની અરજી ચકાસણી માટે પ્રસિધ્ધ થયેલ યાદી સમયે વિચારણા કરવામાં આવેલ છે, તેવા કુલ=11 ઉમેદવારોને બાદ કરતાં માત્ર પ્રથમ વાર જ વિચારણા કરવામાં આવે છે, તેવા સા.શૈ.પ. વર્ગ (કોમન/ પુરુષ) ના ઉમેદવારોને અરજી ચકાસણી માટે પાત્ર જાહેર કરવાના થાય છે. પ્રસ્તુત યાદી એ મેરીટ લીસ્ટ નથી. પરંતુ, માત્ર અને માત્ર જે ઉમેદવારો પાસેથી પ્રમાણપત્રોની ચકાસણી માટે અરજીઓ મંગાવવાની થાય છે તે 'Zone of Consideration' અંતર્ગતની યાદી છે.

**અરજી ચકાસણી પાત્ર ઉમેદવારોએ** https://gpsc-iass.gujarat.gov.in પર પોતાના દસ્તાવેજ ઓનલાઇન અપલોડ કરી રજુ કરવાના રહેશે. (પરિણામના અંતે દર્શાવેલ **ખાસ સૂચના ધ્યાને લેવી.)**

**3. અરજી ચકાસણીને પાત્ર સા.શૈ.પ. વર્ગ (કોમન/ પુરુષ) ના ઉમેદવારોના બેઠક નંબરો નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| **101000082** | **101000222** | **Total=2** |

**4.** અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને "ઓન-લાઇન" કન્ફર્મ થયેલ અરજી પત્રક (ફોટોગ્રાફ સ્પષ્ટ ના હોય તો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીપત્રક પર લગાવવાનો રહેશે. સહી સ્પષ્ટ ના હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરવાની રહેશે.) અને લાગુ પડતા જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રોની નકલ નીચેના ક્રમાનુસાર

(1) જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી. ક્રેડીટ પ્રમાણપત્રની નકલ (જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં)

(2) નામ / અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/ પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(3) અનામત વર્ગ (અનુ. જાતિ, અનુ.જનજાતિ, અને સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ

(4) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક અરજીપત્રક્માં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક ના વિકલ્પે અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિં. અંગ્રેજીમાં Annexure-A (જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં. પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા-પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.

(5) દિવ્યાંગ ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા:૦૧.૧૨.૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર

(6) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

(7) પરિણીત મહિલાઓના કિસ્સામાં લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/ અટક અથવા નામ બદલાવેલ હોય તો તે અંગેના જાહેરનામાની નકલ

(8) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

(9) વર્ગ-૩ ની જાહેરાત માટે રમતગમતના પ્રમાણપત્ર (જાહેરાતમાં દર્શાવેલ હોય તે નમૂનામાં)

(10) સ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક )

(11) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(12) અનુસ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક ) (જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો)

(13) અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો)

(14) વિદેશની યુનિવર્સિટી માંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

(15) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(16) બિનઅનામત ઉમેદવારોએ ભરેલ ફી ની ઝેરોક્ષ નકલ

(17) જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો

**પૈકી આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર જાહેરાત ક્રમાંક: 145/2019-20 હેઠળ હવે પછી દર્શાવવામાં આવનાર યાદી મુજબના લાગુ પડતા તમામ જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો / આધાર પુરાવા ની નકલ યોગ્ય રીતે કાળજીપૂર્વક તા: 31/08/2024 થી તા:09/09/2024 દરમ્યાન અચૂક ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.**

**ખાસ સૂચના :-**

અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ પોતાની અરજી સાથે જરૂરી પ્રમાણપત્રો/ દસ્તાવેજ ઓનલાઇન પધ્ધતિથી જ અપલોડ કરીને રજુ કરવાના રહેતા હોવાથી રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા સ્વીકારવાપાત્ર બનતા નથી, આથી ઓનલાઇન પધ્ધતિ સિવાય અરજી મોકલનાર ઉમેદવારો અરજી ચકાસણી માટે આપોઆપ અપાત્ર બનશે.

ઉમેદવારે ભરતી પ્રક્રિયા અંતર્ગત પોતાની ઉમેદવારી સંદર્ભે આગળના તબક્કાની કાર્યવાહી માટે ઓનલાઇન પધ્ધતિ અનુસરીને તકેદારી અવશ્ય દાખવવાની રહેશે.

**સ્થળ: ગાંધીનગર-382010**
**તારીખ: 28.08.2024**

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ